તા.: ૧૯–૦૭ –૨૦૧૪ ની કારોબારી સમીતીની કાર્યનોંધ..

---

કામ નં.–૧.

વિષય:– વલસાડ નગરપાલિકાનો સને ૨૦૧૩–૨૦૧૪ નો તા.: ૦૧–૦૪–૨૦૧૩ થી તા.: ૩૧–૦૩–૨૦૧૪ સુધીનો બાર માસીક હિસાબ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાનો સને ૨૦૧૩–૨૦૧૪ નો તા.:૦૧–૦૪–૨૦૧૩ થી તા.: ૩૧–૦૩–૨૦૧૪ સુધીનો બાર માસીક હિસાબ મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૨.

વિષય:– વહીવટી શાખામાં ઈન્ટરનલ ઓડીટર તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી અક્ષયભાઈ બી. દેસાઈની તા.:૦૨–૦૫–૨૦૧૪ની આવેલ અરજીમાં જણાવ્યા પ્રમાણે તા.:૩૧–૦૭–૨૦૧૪ થી ફરજમાંથી, અંગત કારણોસર નોકરીમાંથી સ્વૈચ્છીક નિવૃત્તીની માંગણી કરેલ છે. જે મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

ઠરાવ.:–

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે,નગરપાલિકામાં ઈન્ટરનલ ઓડીટર તરીકે ફરજ બજાવતા શ્રી અક્ષયભાઈ. બી.દેસાઈએ અંગત કારણોસર તેમની ફરજમાંથી તા.:૩૧–૦૭–૨૦૧૪ના રોજની ફરજ બાદ, સ્વૈચ્છીક નિવૃતી માંગતી અરજી તા.:૨–૫–૨૦૧૪ ના રોજ કરેલ છે.

શ્રી અક્ષયભાઈ. બી. દેસાઈની નિમણુંક નગરપાલિકામાં તા.:૨૪/૨/૧૯૮૬ થી થયેલ છે. તે જોતાં તેમનો નોકરીનો સમયગાળો ૨૮ વર્ષ જેટલો થાય છે. નામદાર સરકારશ્રી ધ્વારા અમલમાં મુકેલ બી.સી.એસ.આર.નો પ્રકરણ ૧૦ના પેન્શન ૧૨.૦ સ્વૈચ્છિક નિવૃત્તી (૨૫ વર્ષની નોકરી પછી)ની નાણાં વિભાગના તા.:૮–૧૦–૧૯૭૦નો સરકારી ઠરાવમાં જણાવેલ શરતોને આધીન " સરકારે વખતો વખત ટેકનીકલ કર્મચારીઓ અધિકારીઓ તરીકે જેમને પણ જાહેર કરેલ હોય તે સહીતના કોઈપણ કર્મચારી પોતે સ્વૈચ્છાએ ૨૫ વર્ષની પેન્શન પાત્ર નોકરી પુરી કર્યા પછી ગમે તે સમયે ત્રણ મહીનાની નોટીશ આપીને નિવૃત્ત થઈ શકે છે. " ની જોગવાઈ જોતાં અરજદાર કર્મચારીએ ૨૫ વર્ષની પેન્શન પાત્ર નોકરી પૂર્ણ કરેલ હોય અને સ્વૈચ્છીક રીતે સ્વૈચ્છીક નિવૃત્ત થઈ શકે તેમ હોય તેમજ જોગવાઈ મુજબ તેમણે તારીખ.: ૨/ ૫ /૨૦૧૪ થી અરજી પણ આપેલ હોય તેમની સ્વૈચ્છીક નિવૃતી મંજુર કરવાપાત્ર થતી હોય, અરજદાર કર્મચારીની અરજી મુજબ, તા.: ૩૧–૦૭–૨૦૧૪ ના રોજની ફરજ બાદ તેમની અંગત કારણોસર તેમની ફરજમાંથી સ્વૈચ્છીક નિવૃતી મંજુર કરવા તથા તેઓની સ્વૈચ્છીક નિવૃતી બાદ, તેમની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુઈટી, રૂપાંતરીત પેન્શન, હકકરજાનો પગાર, વિગેરેની ચુકવવાપાત્ર થતી રકમની ગણતરી કરી ચુકવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

–સ.મ.મંજુર..

કામ નં.–૩.

વિષય:– વો.વ.ક.ઠ.નં.–૨૯૯ / તા.:૧૫–૨–૨૦૧૪ ની ભલામણ મુજબ, રાખોડીયા તળાવ, ઝહીર પાનવાળા પાસેથી દેરા ફળીયા, જળદેવી માતાનાં મંદિર સુધી પીવાના પાણીની પાઈપલાઈન નાંખવા અંગે મજુરી ખર્ચનો એસ્ટીમેઈટ રૂા.૧,૨૫,૮૦૦/–પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

વો.વ.ક.ઠ.નં.–૨૯૯ / તા.:૧૫–૨–૨૦૧૪ ની ભલામણ મુજબ, વારીગૃહ શહેર દેરા ફળીયા વિસ્તારમાં રાખોડીયા તળાવ, ઝહીર પાનવાળા પાસેથી દેરા ફળીયા, જળદેવી માતાનાં મંદિર સુધી પીવાના પાણીની ૩" તથા ૨" ડાયાની જી.આઈ.પાઈપલાઈન નાંખવા અંગે જ.બો.ઠ.નં.૫૧ / તા.: ૩૧–૭–૨૦૧૨ થી રૂા. ૨,૭૧,૮૭૫/– મંજુર થયેલ પરંતુ સદર કામ અંગેની મંજુરત મળતા વર્ષ બદલાયેલ અને માલસામાનનો ભાવ વધતા જ.બોર્ડે મંજુર કરેલ મુળ એસ્ટી મેઈટ રૂા. ૨,૭૧,૮૭૫ /– + વધારાનો ખર્ચ રૂા.૨,૧૧,૬૮૨/– એમ કુલ રૂા.૪,૮૩,૫૫૭ /– જ.બો.ઠ.નં.૧૪૯ / તા.: ૪–૧–૨૦૧૩ થી મંજુર કરેલ છે. સદર મંજુર કરેલ ખર્ચમાં માલસામાન ખરીદીનો ખર્ચ રૂા.૪,૮૩,૫૫૭/– થાય છે. જેથી પાઈપ લાઈન નાંખવાનો મજુરી ખર્ચ બાકી રહી જાય છે. જે અંગેનો એસ્ટીમેઈટ રૂા.૧,૨૫,૮૦૦/– થાય છે. જે ખર્ચ મંજુર કરવા જ.બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.. ..૨..

કામ નં.–૪.

વિષયઃ– વો.વ.ક.ઠ.નં.–૩૦૦ / તા.:૧૫–૨–૨૦૧૪ ની ભલામણ મુજબ, વારીગૃહ હેડવર્કસ ખાતે આવેલ જુના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના કલેરી ફોકયુલેટરના બ્રીજ રીપેરનું એસ્ટીમેઈટ રૂ.૯૧,૧૨૫/–પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

વો.વ.ક.ઠ.નં.–૩૦૦ / તા.:૧૫–૨–૨૦૧૪ ની ભલામણ મુજબ,વારીગૃહ હેડવર્કસ ખાતે આવેલ જુના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના કલેરી ફોકયુલેટરમાં સેટલીંગ થતાં સ્લજને સાફ કરવા માટે તેની ઉપર આવેલ બ્રીજને રીપેરીંગ કામ કરવા અંગે સ્થાનીક એન્જીનીયરીંગ કંપની એટલાસ એન્જી.વર્કસને સ્થળ ઉપર રૂબરૂ બોલાવતાં તેમણે કલેરીફોકયુલેટરના બ્રીજ રીપેરનું રૂ.૯૧,૧૨૫/– નું નીચે જણાવ્યા મુજબનું એસ્ટીમેઈટ આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧)રબરવ્હીલ ૨૫૪ એમ.એમ.બદલવાના.. | – ૨ નંગ.. ૧ નંગના.૭૫૦૦/– | ..૧૫,૦૦૦/– |
| ૨)ટેપર રોલર બેરીંગ ગીયરના બેરીંગ હાઉસીંગમાં.. | –૪ નંગ.. ૧ નંગના.૨૮૫૦/–.. | ૧૧,૪૦૦/– |
| ૩)૩૨" લાંબી એમ.એસ.સાફટીંગ નળી.. | –૨ નંગ.. ૧ નંગના.૫૪૦૦/–.. | ૧૦,૮૦૦/– |
| ૪) ૩/૪ ડાયા સીલીંગ.. | –૪૫ મીટર.૧ મીટરના.૪૨૫/–.. | ૧૯,૧૨૫/– |
| ૫)રેડઓકસાઈડ કલર લગાડવાના.. | –૨૦ લીટર.૧ લીટરના.૪૦૦/–.. | ૮,૦૦૦/– |
| ૬)ટોટલ ફીટીંગ માટે એમ.એસ.બોલ્ટ.. | –૧૫ કિલો..૧ કિલોના..૧૨૦/–.. | ૧,૮૦૦/– |
| ૭) લેબર ચાર્જ .. | | ૨૫,૦૦૦/– |
| | | કુલ રૂ..૯૧,૧૨૫/– |

વધુમાં, ઉપરોકત મુજબ કલેરી–ફોકયુલેટરના બ્રીજનું રીપેર કરી ચાલુ કરવાનું એસ્ટીમેઈટ રૂ.૯૧,૧૨૫/–,એટલાસ એન્જી.વર્કસ,વલસાડે જણાવેલ છે.જે ઉપરોકત જણાવેલ એસ્ટીમેઈટ મંજુર કરી, કામગીરી તેમની પાસે કરાવવાનું મંજુર કરવા જ.બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૫.

વિષયઃ– વો.વ.ક.ઠ.નં.–૨૯૬ / તા.:૧૫–૨–૨૦૧૪ ની ભલામણ મુજબ,રામવાડી ટાંકીના મેઈન વાલ્વ રીપેરીંગ કરવા અંગેનો આવેલ ખર્ચ રૂ. ૭૫૦૦/–પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

વો.વ.ક.ઠ.નં.–૨૯૬ / તા.:૧૫–૨–૨૦૧૪ ની ભલામણ મુજબ,વારીગૃહ શહેર રામવાડી ટાંકીનો મેઈન ૧૮" ડાયાનો વાલ્વની બોડી તથા વાલ્વની પડડીમાં બન્ને બાજુ વેલ્ડીંગ કરવાની તથા બોડીમાં નવો એમ.એસ.બુશ બનાવી લેથ મશીન પર બોડીમાં બેસાડવાની કામગીરી તાત્કાલીક અને આવશ્યક હોવાથી સદર કામના જાણકાર એટલાસ એન્જીનીયરીંગને બતાવી કામગીરી કરાવેલ છે. જે અંગેનો તેમના તરફથી રૂ. ૭૫૦૦/– અંકે રૂ. સાત હજાર, પાંચસો પુરાનો ખર્ચ જણાવેલ છે. જે ખર્ચ મંજુર કરવાનું તેમજ કરાવેલ કામગીરીને બહાલ રાખવાનું તથા કામગીરીનું આવનાર બીલનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૬

વિષયઃ– વલસાડ નગરપાલિકાની માલીકીના મોરારજી દેસાઈ વેજીટેબલ માર્કેટની દુકાન નં.–૧૯ ના ભોગવટેદાર શ્રી જગદીશચંદ્ર એન્ડ કું. ના ભાગીદાર અનિલકુમાર જગદીશચંદ્ર ગોયલ અને વિજયકુમાર જગદીશચંદ્ર ગોયલના નામે ચાલે છે. જે પૈકી અનિલકુમાર જગદીશચંદ્ર ગોયલનું નામ કમી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાની માલીકીના મોરારજી દેસાઈ વેજીટેબલ માર્કેટની દુકાન નં.–૧૯ ના ભોગવટેદાર શ્રી જગદીશચંદ્ર એન્ડ કું.ના ભાગીદાર અનિલકુમાર જગદીશચંદ્ર ગોયલ અને વિજયકુમાર જગદીશચંદ્ર ગોયલના નામે ભાડા વસુલાત દફતરે ચાલે છે.

ઉપરોકત ભાગીદારો પૈકી શ્રી અનિલકુમાર જગદીશચંદ્ર ગોયલની અત્રે આવેલ અરજી, એફીડેવીટથી તેઓનું નામ સદર દુકાનના ભાગીદાર તરીકે કમી કરવા જણાવેલ છે. અને તેઓએ નામ કમી કરવા બીનઅવેજી હકક છોડવાનો લેખ "તેમજ એફીડેવીટ કરી આપેલ છે. જે મુજબ શ્રી અનિલકુમાર જગદીશચંદ્ર ગોયલનું નામ મોરારજી દેસાઈ વેજીટેબલ માર્કેટની દુકાન નં.–૧૯ માંથી ભાગીદાર તરીકે કમી કરવાનું તથા સદર દુકાનના ભોગવટેદાર તરીકે શ્રી વિજયકુમાર જગદીશચંદ્ર ગોયલનું નામ દફતરે રાખવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.. 

કામ નં.–૭

વિષયઃ– આરોગ્ય શાખાના " નો ઓબ્જેકશન સર્ટીફીકેટની ફી નકકી કરવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ શહેર વિસ્તારમાં આવેલ ખાદ્ય ચીજવસ્તુઓ જેવી કે વેજ / નોન વેજના રેસ્ટોરન્ટ, દુકાનો, હોટલો, વિગેરે માટે નગરપાલિકાના આરોગ્ય શાખામાંથી ' નો ઓબ્જેકશન ' સર્ટીફીકેટ દર વર્ષે મેળવવા માટે અરજદારશ્રીઓ ધ્વારા અરજી કરવામાં આવે છે. સદર એન.ઓ.સી.ની ફી પેટે હાલે આરોગ્ય શાખા ધ્વારા રૂા.૧૦૦/–( અંકે રૂપિયા એકસો ) પુરા વસુલવામાં આવે છે. જે ફી વર્ષ દરમ્યાન ફકત એકજ વખત ભરવાની થતી હોય હાલે જે ફી માં વધારો કરી, રૂા.૫૦૦/–( અંકે રૂપિયા પાંચસો પુરા ) નકકી કરવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૮

વિષયઃ– વોર્ડ નં. –૧૦ નાં દડીંગ્યા વિસ્તાર ઓવર બ્રીજની નીચે આવેલ આદિવાસી વિસ્તારમાં પેવર બ્લોકનો રસ્તો બનાવવાની જરૂરીયાત હોય, સદર કામગીરી કરાવવા અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા. ૮,૨૭,૮૦૦/– પુરાનું મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વોર્ડ નં.–૧૦ નાં દડીંગ્યા વિસ્તાર ઓવરબ્રીજની નીચે આવેલ આદિવાસી વિસ્તારમાં પેવર બ્લોકનો રસ્તો બનાવવાની જરૂરીયાત હોવાથી સદર કામગીરી કરાવવા માટેનો એસ્ટીમેઈટની રકમ રૂા.૮,૨૭,૮૦૦/– પુરાનો આવેલ છે.જે અંગે કમીટીમાં ચર્ચા વિચારણાને અંતે નકકી થયું કે, સદર રસ્તાની લંબાઈ ઘણી જ હોય, પેવરબ્લોકના રસ્તાને બદલે ડામર રોડ બનાવવાનું એસ્ટીમેઈટ બનાવી, કામગીરી કરાવવાનું મંજુર કરવા જ. બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૯

વિષયઃ– **IHSDP** યોજનાના આવાસના બાંધકામની હુડકો લોન બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, **IHSDP** યોજનાના આવાસોની બાંધકામની કામગીરી હાલમાં વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ચાલી રહેલ છે. આ યોજનાના આવાસની કિંમત આશરે રૂા.૨,૮૦,૦૦૦/– થી ૩,૧૦,૦૦૦/– થવાની સંભાવના છે. આ માટે નામદાર કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર તરફથી મળનારી ગ્રાંટ અંદાજે રૂા.૧,૫૦,૦૦૦/– જેટલી છે. બાકી રહેતા અંદાજે રૂા.૧,૫૦,૦૦૦/– માટે ગેપ ફન્ડીંગ માટે અત્રેની કચેરીએથી હુડકોનો સંપર્ક કરવામાં આવતા તેઓ તરફથી નીચે જણાવેલી શરતોએ લોન મંજુર કરવા સંમતી આપેલ છે.

– સીકયોરીટી પેટે રાજય સરકારની ગેરંટી / ઓછામાં ઓછા ૧૨૫% જેટલી કિંમતનો વલસાડ નગરપાલિકાની સ્થાવર મિલકતના મોર્ગેજ કરવાના રહેશે.

– લોનની પરત ચુકવણી માટે બેન્કમાં અલગ ખાતુ ખોલાવવાનું રહેશે તથા લોનની પરત ચુકવણી માટે જડબેસલાક વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

– આ લોનનો વ્યાજ દર ૮.૭૫% રહેશે તથા વ્યાજનો દર પ્રવર્તમાન નાણાંકીય નિયમ મુજબ રહેશે. તથા વ્યાજના દર વધવાને પાત્ર રહેશે.

– લોન કામની પ્રગતી મુજબ આપવામાં આવશે. લોન સંતોષકારક તથા નાણાંકીય લીગલ અભિપ્રાય મેળવ્યા બાદ જ મળશે.

– લોનની પરત ચુકવણી નગરપાલિકા તરફથી ત્રિમાસીક કરવાની રહેશે.

– **R & D** માટે ૦.૨૫% હુડકોને આપવાના રહેશે.

–વલસાડ નગરપાલિકાએ સ્વ ખર્ચે આ બધી જ મિલકતો સંપૂર્ણ વિમો ઉતારવાનો રહેશે. તથા આ વિમા પોલીસીમા હુડકોનું નામ દાખલ કરવાનુ રહેશે.

– લોન મેળવવા માટે નામદાર રાજય સરકારની મંજુરી રજુ કરવાની રહેશે.

–મિલકત મોર્ગેજ કરવા માટે નામદાર રાજય સરકારની મંજુરી તથા વલસાડ નગરપાલિકાએ આ મિલકત હુડકો / નામદાર રાજય સરકારની તરફેણ કરવાની રહેશે.

–આ બાબતનો વલસાડ નગરપાલિકાનો ઠરાવ તથા મિલકત મોર્ગેજ કરવા માટેનો પુનઃઠરાવ રજુ કરવાનો રહેશે.

–જે મિલકત વલસાડ નગરપાલિકા તરફથી મોર્ગેજ કરવાની રહેશે તે મિલકત હુડકોને સાથે રાખી નકકી કરવાનીરહેશે.

– વલસાડ નગરપાલિકાએ નીચેની બાબતો ઘ્યાને રાખવાની રહેશે.

–જે જમીન ઉપર બાંધકામ કરવાનુ છે તે દબાણ મુકત હોવી જોઈએ તથા **JNNURM / IHSDP** ધારાધોરણોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

–વલસાડ નગરપાલિકા આ યોજના માટેની જમીનના વપરાશની પેટર્ન હુડકોની મંજુરી વિના બદલી શકશે નહીં.

– આ યોજના માટે **JNNURM / IHSDP** ધારાધોરણોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. આ માટેની જરૂરી પરવાનગીઓ નગરપાલિકાએ મેળવવાની રહેશે.

–આ ઉપરાંતનો વધારાનો જો કોઈ ખર્ચ થશે તે નગરપાલિકાએ ઉઠાવવાનો રહેશે.

–આ યોજનાના બધાજ લાભાર્થીઓ **EWS / BPL** કેટેગરીના જ હોવા જોઈએ.

–આ યોજનાના લાભાર્થીઓની આખરી યાદી લોનના હપ્તા મળે તે પહેલા રજુ કરવાની રહેશે.

– નગરપાલિકાએ નગરપાલિકામાં ભરાતા માસિક હપ્તાઓનું સ્ટેટમેન્ટ લાભાર્થી દીઠ બનાવવાનું રહેશે તથા આ નાણા જુદા અલગ બેન્ક ખાતામાં ભરવાના રહેશે.

– હુડકો તરફથી લોનના નાણા મેળવવા પહેલા અલગ બેન્ક ખાતુ ખોલાવવાનું રહેશે તથા આ લોનના નાણાં પરત ચુકવણી માટેની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

ઉપરોકત આવેલ કામે ચર્ચા વિચારણા અંતે, સદર બાબત નિતિ વિષયક હોય તથા નગરપાલિકા પાસે મોર્ગેજ કરવા માટેની પ્રોપર્ટી ન હોય, હાલે સદર કામ મુલતવી રાખવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૧૦</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાના મોગરાવાડી ઝોન વિસ્તારમાં સાંસ્કૃતિક હોલના ઉદઘાટન નિમિત્તે હોલને ફુલ–હાર–તોરણ તથા સ્ટેજ ડેકોરેશન વિગેરે વૈભવ ફલાવર્સ,પ્રો.દિનેશભાઈ જી. બારિયા, વલસાડ પાસે કરાવવામાં આવેલ જેનું આવેલ ખર્ચ રૂા.૫,૬૧૧/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.ઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના મોગરાવાડી ઝોન વિસ્તારમાં સાંસ્કૃતિક હોલ / કોમ્યુનીટી હોલ તથા આંગણવાડીના લોકાર્પણ / ઉદઘાટન નિમિત્તે હોલને ફુલ હાર તોરણથી શણગારવા માટે વલસાડના સ્થાનીક શ્રી દિનેશભાઈ જી. બારીયા,વૈભવ ફલાવર્સ– વલસાડ પાસે હોલની શણગારવાની જેવી કામગીરી કરાવેલ જેનો અંદાજીત ખર્ચ રૂા. ૫૬૧૧/– અંકે રૂા. પાંચ હજાર, છસો અગીયાર પુરા મંજુર કરી, કરેલ કામગીરીને બહાલ રાખી, ઉપરોકત ખર્ચનું આવેલ બીલનું ચુકવણું કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૧૧</u>

<u>વિષયઃ–</u> ચોથા વર્ગના કર્મચારીઓને ગણવેશ માટે ધોલાઈ ભથ્થાના દરમાં કર્મચારીઓને વ્યકિતદીઠ માસીક રૂા.૬૦/–ધોલાઈ ભથ્થુ આપવા અંગેના ના.ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ સીએલઓ / ૧૦૨૦૧૩ / ૧૩૧૩ / ખ–૩, તા.ઃ૨૮/૨/૨૦૧૪ થી ઠરાવ્યા મુજબ નોંધ લઈ અમલ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ ઃ–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના. ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, સચીવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક ઃ સીએલઓ / ૧૦૨૦૧૩ / ૧૩૧૩ / ખ–૩, તા.ઃ૨૮–૨–૨૦૧૪ થી ઠરાવ્યા મુજબ, ચોથા વર્ગના કર્મચારીઓને ગણવેશ માટે ધોલાઈ ભથ્થુ રાજયના વર્ગ–૪ ના કર્મચારીઓને વ્યકિત દીઠ માસિક રૂા.૬૦/–(અંકે રૂા.સાંઈઠ પુરા ) ચુકવવાનું ઠરાવેલ છે. જે મુજબ ઉપરોકત ઠરાવની નોંધ લઈ, નગરપાલિકાના ચોથા વર્ગના કર્મચારીઓને અગાઉ જુના દરે રૂા. ૩૦/– આપવામાં આવે છે. જે ઘ્યાને લઈને રૂા. ૩૦/– ને બદલે રૂા. ૬૦/– પ્રમાણે ધોલાઈ ભથ્થુ ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

..૫..



<u>કામ નં.–૧૨</u>

વિષયઃ– લાયબ્રેરી શાખામાં છેલ્લાં ૧૪ માસથી ભેગી થયેલી જુના પેપરોની પસ્તીનાં નિકાલ માટે સ્થાનિક પસ્તીના વેપારીઓ પાસેથી મંગાવવામાં આવેલ પસ્તીના ભાવો મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ :–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,લાયબ્રેરી શાખામાં છેલ્લા–૧૪ માસથી ભેગી થયેલી જુના પેપરોની પસ્તીનો નિકાલ કરવા માટે, જુદા જુદા સ્થાનીક પસ્તીના વેપારીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવેલ છે. જે તા.:૧૬–૬–૧૪ નાં રોજ ઓફીસ સુપ્રિ.શ્રી રૂબરૂ ખુલ્લા કરવામાં આવેલ છે. જે આવેલ ભાવોનું કમ્પેરેટીવ એનાલીસીસ –તુલનાત્મક પૃથ્થકરણપત્રક નીચે મુજબ છે.

| અ.નં. | વેપારીનું નામ / સરનામું. | જુના પેપરોની પસ્તીનો ૧ કે.જી.નો ભાવ. | જુના મેગેઝીનનીપસ્તીનો ૧ કે.જી.ભાવ. | જર્જરીત પુસ્તકોની પસ્તીનો ૧ કે.જી.ભાવ. |
|---|---|---|---|---|
| ૧ | શ્રી લક્ષ્મી ઓલ્ડ પેપર એન્ડ બોટલ સપ્લાયર, શીવએસ્ટેટ,નંદાવલા,ગુંદલાવ,વલસાડ. | ૧૦–૦૦ | ૮–૦૦ | ૭–૦૦ |
| ૨ | પ્રમાણિક પ્લાસ્ટિક એન્ડ પસ્તી ભંડાર, પ્લોટ નં.–૩,શીવ એસ્ટેટ,નંદાવલા,ગુંદલાવ, વલસાડ . | ૧૧–૦૦ | ૮–૦૦ | ૮–૦૦ |
| ૩ | શ્રી લક્ષ્મી ઓલ્ડ પેપર માર્ટ, બેચરરોડ, વલસાડ. | ૧૧–૦૦ | ૮–૫૦ | ૮–૦૦ |

ઉપરોકત આવેલ ત્રણ વેપારીના ભાવોનું તુલનાત્મકપત્રક જોતાં એકંદરે શ્રી લક્ષ્મી ઓલ્ડ પેપર માર્ટ, બેચરરોડ, વલસાડનો ભાવ સારો અને વધુ હોવાથી, જે મંજુર કરી, લાયબ્રેરીની પસ્તીનો જથ્થો,મંજુર થયેલ ભાવોએ , શ્રી લક્ષ્મી ઓલ્ડ પેપર માર્ટ, બેચરરોડ, વલસાડનો આપવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૩

વિષયઃ– લાયબ્રેરીમાં વાચક સભ્યપદ ધરાવતા વાચકો પાસેથી સભ્યપદ રીન્યુઅલ કરાવવા માટે પ્રતિવર્ષે રૂા. ૨૦/– વસુલવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

ઠરાવ :–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,લાયબ્રેરીમાં વાચક સભ્યપદ ધરાવતા વાચકો પાસેથી વાર્ષિક સભ્યપદ રીન્યુઅલ ચાર્જીસ તરીકે રૂા. ૧૦/– વસુલ કરવામાં આવે છે. જે ઓછી હોય, આ વાચક સભ્યપદ રીન્યુઅલ ચાર્જીસમાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૪–૨૦૧૫ થી રૂા. ૧૦/– નો વધારો કરી, રૂા.૨૦/–અંકે રૂા. વીસ પુરા, લાયબ્રેરી વાચક સભ્યપદ રીન્યુઅલ ચાર્જીસ તરીકે વસુલાત કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી,વસુલાત કરવા મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૪

વિષયઃ– કા.સ.ઠ.નં.૫૧૫/ તા.:૧૩–૦૨–૨૦૧૪ ના કામ નં.૦૪ મુજબ લાયબ્રેરીમાંપુસ્તકો માટેના બુક રેક નંગ–૩ ખરીદી કરવા માટે સ્થાનિક વેપારીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવેલ જે મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ :–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,કા.સ.ઠ.નં.૫૧૫ / તા.:૧૩–૨–૧૪ થી ઠરાવ્યા મુજબ, લાયબ્રેરીમાં પુસ્તકો મુકવા માટે બુકસ રેકસ નંગ–૩ ની ખરીદી બાબતે સ્થાનીક વેપારીઓ પાસેથી ભાવો મંગાવતા ત્રણ વેપારીના ભાવો આવેલ છે. જે તા.:૭/૭/૧૪ નાં રોજ ચીફ ઓફીસરશ્રી,રૂબરૂ ખુલ્લા કરવામાં આવેલ છે. જેનું તુલનાત્મકપત્રક નીચે મુજબ છે.

| અ.નં. | વેપારીનું નામ / સરનામું. | બુક રેક –૧ નંગનો ભાવ. |
|---|---|---|
| ૧ | નવીન ફર્નીચર માર્ટ, મ્યુનિ.સ્કુલની પાછળ, વલસાડ. | ૧૯,૫૦૦–૦૦ |
| ૨ | જલારામ ફર્નીચર, જ્યોતિહોલની નીચે,શાકભાજી માર્કેટ,વલસાડ. | ૧૮,૦૦૦–૦૦ |
| ૩ | વૈભવ ફર્નીચર, સિધ્ધરાજ એપાર્ટમેન્ટ,મ્યુની સ્કુલ પાસે,વલસાડ. | ૧૮,૯૦૦–૦૦ |

..૬..

ઉપરોકત આવેલ ત્રણ વેપારીઓના ભાવોનું તુલનાત્મકપત્રક જોતાં એકંદરે શ્રી જલારામ ફર્નીચર–જયોતિ હોલની નીચે, શાકભાજી માર્કેટ, વલસાડનો ભાવ સૌથી ઓછો આવેલ હોય, જે મંજુર કરી, મંજુર થયેલ ભાવે, શ્રી જલારામ ફર્નીચર– વલસાડ પાસેથી બુક રેક નંગ–૩,ખરીદી કરવાનું તથા ખરીદી કર્યા બાદ આવતાં બીલનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૫

વિષયઃ– ' સી ' ઝોન ટ્રીટમેન્ટ પ્લાન્ટ થી વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપ લાઈન સુધી નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.૬,૩૭,૨૦૦/– પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ' સી ' ઝોન ટ્રીટમેન્ટ પ્લાન્ટ થી વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપ લાઈન હાલે ૪૫૦ એમ.એમ.ની છે. જે નાનકવાડા ગામ તરફ જતા રસ્તા ઉપર આવેલ છે. આ પાઈપ લાઈન રોડની જે તરફ આવેલ છે તે જમીન સરકારની માલીકી છે. આ જમીનમાં કમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવનાર છે તથા અંદાજે ૩ ફુટથી ૭ ફુટ જેટલુ માટીનુ પુરાણ કરવામાં આવનાર છે. તેથી હાલની હયાત ડ્રેનેજ પાઈપ લાઈન આ માટીના પુરાણમાં દબાય જશે. જેથી ભવિષ્યમાં મેઈંટેનન્સનો પ્રશ્ન ઉપસ્થિત થવાની સંભાવના છે. આ કારણે નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત છે. જેથી આવેલ કામનો અંદાજીત ખર્ચ રૂા.૬,૩૭,૨૦૦/– પુરા મંજુર કરવા જ. બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૬

વિષયઃ– તા.: ૯–૧૨–૨૦૧૧ ના રોજ મોંઘાભાઈ હોલ સ્ટેડીયમ રોડ, વલસાડ ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવેલ જેમાં હેપ્પી ઝેરોક્ષ, ડી.એન.શો.સેન્ટર પાસે કલર પ્રીન્ટ, કલરબુક, સ્પાયરલ બાયડીંગ,ફોટો કલર પ્રીન્ટ, લેમીનેશન વિગેરે કામ કરાવેલ જેનો આવેલ ખર્ચ રૂા.૩૯,૭૩૫/–પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,તા.: ૯–૧૨–૨૦૧૧ ના રોજ મોંઘાભાઈ હોલ સ્ટેડીયમ રોડ, વલસાડ ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવેલ જેમાં હેપ્પી ઝેરોક્ષ, ડી.એન.શો.સેન્ટર પાસે કલર પ્રીન્ટ, કલરબુક, સ્પાયરલ બાયડીંગ,ફોટો કલર પ્રીન્ટ, લેમીનેશન વિગેરે કામ કરાવેલ જેનો આવેલ ખર્ચ રૂા.૩૯,૭૩૫/–અંકે રૂા. ઓગણચાલીસ હજાર, સાતસો પાંત્રીસ પુરા મંજુર કરવા જ. બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૭

વિષયઃ–માન.મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, તા.:૧૪–૬–૧૪ નાં રોજ શાળા પ્રવેશોત્સવ અંતગર્ત–૨૦૧૪,ધરમપુર તાલુકાના સીદુમ્બર હનુમંતમાળ, ધામણીખાતે યોજાયેલ હોય સદર કાર્યક્રમનાં રૂટમાં આવતાં ચાર સ્થળો પર ૮.૦૦× ૧૫.૦૦ નાં ડીસ્પલે હોડીંગ અલગ અલગ સ્થળે ફીટીંગ કરાવેલ હોય,સદર કરેલ કામગીરી રામગીર ડેકોરેટર્સ,વલસાડ પાસે તાત્કાલીક કરાવેલ હોય, કરાવેલ કામગીરીને બહાલ રાખી આવેલ બીલ રૂા.૧૭,૯૯૮–૦૦પુરાનું મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તા.:૧૪–૬–૧૪ નાં રોજ શાળા પ્રવેશોત્સવ અંતર્ગત ૨૦૧૪–ધરમપુર તાલુકાના સીદુમ્બર, હનુમંતમાળ, ધામણી ખાતે યોજાયેલ કાર્યક્રમનાં રૂટમાં આવતાં રસ્તા પર કુલ – ૧૦ નંગના બેનર લગાવવામાં આવેલ. તથા સદર રૂટમાં ધામણી, આમઢા, બરૂમાળ મંદીરનાં રોડ પર સીદુમ્બર સભા સ્થળ પહેલાંના ચાર સ્થળો પર ૮.૦૦ × ૧૫.૦૦ નાં ડીસ્પલે હોડીંગ અલગ–અલગ સ્થળે ફીટીંગ કરી વાંસડાંડા તારથી બાંધીને કામગીરી, રામગીર ડેકોરેટર્સ–વલસાડ પાસે કામની અગત્યતાને લઈને, તાત્કાલીક કરાવેલ હોય, સદર કરાવેલ કામગીરી બહાલ રાખી,તે અંગેનો રજુ થયેલ બીલનો ખર્ચ રૂા.૧૭,૯૯૮/–અંકે રૂા. સત્તર હજાર, નવસો અઠ્ઠાણું પુરા રામગીર ડેકોરેટર્સ– વલસાડને જરૂરી કાર્યવાહી કરી ચુકવણું કરવાનું મંજુર કરવા આથી ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.. ..૭..

કામ નં.–૧૮

વિષયઃ– માન.મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ,ધરમપુર ખાતે શાળા પ્રવેશોત્સવ નીમીત્તે તા.:૧૪–૬–૧૪ નાં રોજ પધારેલ હોય સદર કામે ધરમપુર સરકીટ હાઉસ થી હનુંમતમાળ સુધીનાં રસ્તા પર કુલ ૬(છ) સ્થળો પર ૮.૦૦× ૧૫.૦૦ નાં માપમાં (ડીસ્પલે) તેમજ સરકીટ હાઉસ ખાતે વેલકમ ગેટ બનાવવાની કામગીરી ઠેકેદારશ્રી રામગીર ડેકોરેટર્સ ,વલસાડ પાસે કરાવેલ હોય, સદર કરાવેલ કામગીરી અંગેનો રજુ થયેલ બીલનો ખર્ચ રૂા.૩૮,૨૦૨/– પુરાનું મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,માન.મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ,ધરમપુર ખાતે શાળા પ્રવેશોત્સવ નીમીત્તે તા.:૧૪–૬–૧૪ નાં રોજ પધારેલ હોય સદર કામે ધરમપુર સરકીટ હાઉસ થી હનુંમતમાળ સુધીનાં રસ્તા પર કુલ ૬(છ) સ્થળો પર ૮.૦૦× ૧૫.૦૦ નાં માપમાં હોડીંગ્સ(ડીસ્પલે) તેમજ સરકીટ હાઉસ ખાતે વેલકમ ગેટ બનાવવાની કામગીરી ઠેકેદારશ્રી રામગીર ડેકોરેટર્સ ,વલસાડને સોંપવામાં આવેલ છે. સદર ઠેકેદારશ્રી ધ્વારા સોંપવામાં આવેલ કામગીરી પુર્ણ કરી તે અંગેનું બીલ અત્રેની કચેરીએ રજુ કરેલ છે. સદર રજુ કરેલ બીલનો ખર્ચ રૂા.૩૮,૨૦૨/– અંકે રૂા. આડત્રીસ હજાર, બસો બે પુરા મંજુર કરવા જ. બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૧૯

વિષયઃ–નગરપાલિકાના કર્મચારી શ્રી હરીશભાઈ સી.મિસ્ત્રી, તા.:૩૦–૬–૨૦૧૪ નાં રોજ વયમર્યાદાને કારણે નિવૃત્ત થયેલ હોય,તેમની નીકળતી હકક રજા જમા અંગેનું પગારબીલ રૂા.૩,૦૭,૦૦૦/–પુરાનું ચુકવણું કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,નગરપાલિકાના કર્મચારી શ્રી હરીશભાઈ. સી. મિસ્ત્રી, તા.:૩૦–૬–૨૦૧૪ ના રોજ વયમર્યાદાને કારણે કા.સ.ઠ.નં.૩૦ / તા.:૨૬–૦૬–૨૦૧૪ થી મંજુર થયા મુજબ, નિવૃત્ત થયેલ હોય, તેઓની **S. B.**ની ચકાસણી કરતાં તેમની નિયમોનુસાર નીકળતી કુલ–૩૦૦ હકક રજા જમા છે. અને જેનું રોકડમાં ચુકવણું કરવા કોઈ હરકત નથી. એ બાબતનો એકાઉન્ટન્ટશ્રીનો આવેલ રીપોર્ટ વંચાણે લઈ, અરજદાર કર્મચારીશ્રી હરીશ. સી. મીસ્ત્રીનું હકક રજા અંગેનું આવેલ પગાર બીલ રૂા.૩,૦૭,૦૦૦/– અંકે રૂા.ત્રણ લાખ, સાત હજાર પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, ચુકવણી કરવાનું મંજુર કરવા આથી ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કામ નં.–૨૦

વિષયઃ– વ.ન.પા.ના નિવૃત્ત કર્મચારીશ્રી અશ્વીનભાઈ એસ.સુરતીને કાને સાંભળવાની તકલીફ હતી, આ મુજબ તેઓને ના.ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરીવાર કલ્યાણના ઠરાવ નં.એમએજી–૧૦૨૦૦૫–૨૭૪૨–અ, તા.:૦૮–૧૧–૨૦૦૭ થી મંજુર થયા મુજબ બન્ને કાનમાં હિયરીંગ એઈડ મશીન નંખાવેલ હતું જેના મેડીકલ રીએમ્બર્સમેન્ટની રકમ રૂા.૫૦,૦૦૦/– ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવઃ–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વ.ન.પા.–વલસાડના નિવૃત્ત કર્મચારીશ્રી અશ્વીનભાઈ. એસ. સુરતીને કાને સાંભળવાની તકલીફ હતી. આ મુજબ તેઓએ ના.ગુ.સરકારશ્રીના આરોગ્ય અને પરીવાર કલ્યાણના ઠરાવ નં. એમએજી–૧૦૨૦૦૫–૨૭૪૨–અ, તા.:૦૮–૧૧–૨૦૦૭ થી મંજુર થયા મુજબ, બન્ને કાનમાં હિયરીંગ એઈડ મીશન નંખાવેલ હતું. આ અંગે તેઓ ધ્વારા પ્રથમ સીવીલ હોસ્પીટલ–વલસાડમાં પરિક્ષણ કરાવ્યા બાદ, મીસીસ રંજના–વલસાડ ખાતે આ અંગેની મશીનરી ખરીદ કરવામાં આવેલ હતી અને સીવીલ હોસ્પીટલ– વલસાડ પાસેથી પ્રતિ સહી કરાવી રજુ કરેલ છે. જે હકીકત ધ્યાને લઈ, ના. સરકારશ્રીનાં નિયમોનુસાર મંજુર કરવામાં આવેલ મેડીકલ રીએમ્બર્સમેન્ટની રકમ રૂા. ૫૦,૦૦૦/–ચુકવવા અંગેનું આવેલ કામે, કમીટીમાં ચર્ચાવિચારણાનાં અંતે નકકી થયું કે, નગરપાલિકાની આર્થિક નાણાંકીય સ્થિતી સારી ન હોય, અને જો આવી રીતે દરેક કર્મચારી કે પેન્શનર કર્મચારીઓને આવા પ્રકારના લાભો આપવામાં આવે તો નગરપાલિકા ઉપર ખૂબજ ભારણ વધી જાય એમ છે અને નગરપાલિકાનો વહીવટ કરવો પણ મુશ્કેલ બને અને નગરપાલિકામાં પગાર કે પેન્શન વિગેરે ચુકવણી કરવામાં પણ મુશ્કેલી ઉપસ્થિત થાય. ઉપરોકત હકીકતો ધ્યાને લઈ હાલે વધુ ચર્ચા માટે ઉપરોકત કામ મુલતવી રાખવું.

..૮..

વધુમાં,નગરપાલિકાના જે કાયમી કર્મચારીઓ છે. તેના મેડીકલ ગ્રૂપ ઈન્સ્યુરન્સ લેવા જણાવવું. અને કર્મચારીઓના વેતનમાંથી નોમીનલ રેઈટથી પ્રીમીયમ કપાત થાય તે મુજબ ગ્રૂપ વીમો સરકારી કર્મચારી તરીકે બેનીફીટ મળે તે રીતે જન.ઈન્સ્યુરન્સ વિગેરે જે ઉતારવામાં આવે તેમાં ડીસ્કાઉન્ટ આપતા હોય તેવી એજન્સી મારફતે કરાવવા અંગેની જરૂરી કાર્યવાહી કરી, મેડીકલેઈમ પોલીસી આપવાની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૧</u>

<u>વિષય:–</u> અરજદાર શ્રી ભરત. ડી. ચૌહાણ વિગેરેનગરપાલિકાનાં વર્ગ–૪ નાં પટાવાળા,વોચમેન, કાયમી કર્મચારીઓને ચાલુ વર્ષે બે જોડી ટેરીકોટન ખાખી પેન્ટ તથા શર્ટ ગણવેશ આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, અરજદારશ્રી ભરત ડી.ચૌહાણ વિગેરે નગરપાલિકાના વર્ગ –૪ નાં પટાવાળા, વોચમેન, કાયમી કર્મચારીઓને દર બે વર્ષે, બે જોડી, ટેરીકોટન ખાખી પેન્ટ તથા શર્ટ ગણવેશની માંગણી કરેલ છે. તેઓને અગાઉ સને ૨૦૧૨ માં ગણવેશ આપવામાં આવેલ હતાં. હાલે તેઓને –૨(બે)વર્ષે,બે–જોડી,ટેરીકોટન પેન્ટ તથા શર્ટ સિલાઈ કામ સાથે ચાલુ વર્ષે આપવાપાત્ર થતા હોય છે. જે ધ્યાને લઈ, ખાખી.એસ.કુમાર ફુલ પેન્ટ શર્ટ, કાપડ અને સિલાઈ સાથે ઓફીસ બેઠા જોડી નંગ–એકના ભાવ, સ્થાનિક બજારમાંથી ત્રણ વેપારીઓના ભાવો ,મંગાવી લોએસ્ટ આવેલ ભાવો, મંજુર કરી,ખરીદી કરી સદર કર્મચારીઓને ટેરીકોટન ખાખી પેન્ટ તથા શર્ટ સિલાઈ સાથે જરૂરીયાત પ્રમાણેના ગણવેશ આપવાનું મંજુર કરવાનું તથા ગણવેશ આપ્યા બાદ આવતાં ઉપરોક્ત ખરીદીના બીલનું ચુકવણું કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૨.</u>

<u>વિષય:–</u> મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત ગુ.હા. બોર્ડની મોજે ભાગડાવાડાની જમીન પર બંધાનારા મકાનોની યોજનામાં ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસીલીટી પૂરી પાડવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, કાર્યપાલક ઈજનેરશ્રી ગુ.હા.બોર્ડ, કચેરી સુરત તરફથી મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત ગુ.હા.બોર્ડની મોજે ભાગડાવડાની જમીન પર બંધાનારા બહુમાળી મકાનોની યોજનામાં ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસીલીટી પૂરી પાડવા માટેની અરજી અત્રેની કચેરીમાં કરેલ છે.

મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત **96 SHOPS, 1071 LIG-2, 714 MIG - 1, 236 MIG-2, 531 HIG** પ્રકારના ફલેટો મળી કુલ **2552** ફલેટોનું આયોજન ગ્રાઉન્ડ ફલોર **+** ૧૪ માળના બહુમાળી મકાનોનું આયોજન કરેલ છે. સદર યોજનાનું સ્થળ વલસાડ નગરપાલિકાની હદને લાગુ આવેલ ભાગડાવડા ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં આવેલ છે, સદર પ્રોજેકટમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસીલીટી જેવી કે પાણીની ફેસીલીટી, ડ્રેનેજ ફેસીલીટી તેમજ ફાયર સેફટીને લગતી પ્રાથમીક જરૂરીયાતને લગતી ફેસીલીટી વલસાડ નગરપાલિકા પૂરી પાડે તેવી માંગણી કરેલ છે.

વલસાડ નગરપાલિકાનું હાલે પીવાનાં પાણીનું જે ઈન્ફ્રાસ્ટ્રકચર છે., તેમાં તીથલ રોડ પર જે પ્રકારનું ડેવલપમેન્ટ થયેલ છે.અને હાલે થઈ રહયું છે. તેમાં આ પ્રકારના ૨૫૫૨ ફલેટોનાં બાંધકામને પીવાનાં પાણીનો પૂરવઠો પૂરો પાડી શકાય એમ નથી. આ પ્રકારનાં ૨૫૫૨ ફલેટોનાં બાંધકામને પીવાનાં પાણીનો પુરવઠો પુરો પાડી શકાય એમ નથી આ પ્રકારનાં આયોજનને પાણી પુરવઠો પૂરો પાડવા માટે કલ્યાણ બાગ ટાંકી પરથી ભાગડાવડાના સદર પ્લોટ સુધી નવી અલાયદી લાઈન તથા કલ્યાણ બાગ પંપ હાઉસની પંપીગ કેપેસીટી વધારવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તેમ છે.

ડ્રેનેજ ડીપાર્ટમેન્ટનો હાલમાં **1.2 MLD** ની કેપેસીટીનો **STP** ની પાણી ફીલ્ટર કરવાની કેપેસીટી છે. જે હાલે પૂરી ગઈ છે. જેથી **STP** ની કેપેસીટી **6.0 MLD** જેટલી વધારવામાં આવે તો જ આ બહુમાળી મકાનોનાં કનેકશન તેમાં થઈ શકે એમ છે. તથા હાલમાં જે **STP** છે તેની જગ્યા પર નવો **6.0 MLD** કેપેસીટીનો પ્લાન્ટ બની શકે એમ ન હોય વાંકી નદીના કિનારે નવી જમીન સંપાદન કરવી પડે તથા ત્યાં નવો **STP** બનાવવામાં આવે તો જ તેઓને ડ્રેનેજ કનેકશન આપી શકાય એમ છે.

ફાયર સેફટીને લગતી સુવિધાઓ વલસાડ નગરપાલિકાએ આપવાની રહેતી નથી. સદર બાંધકામમાં સરકારશ્રીનાં નિયમોનુસાર ફાયર સેફટીની સુવિધા હાઉસીંગ બોર્ડે જ પ્રોવાઈડ કરવાની રહે છે, તથા આગ જેવા આકસ્મિક પ્રસંગે નગરપાલિકા હદ બહારના વિસ્તારોમાં ફાયરની સુવિધા આપે તે ધોરણે ફાયરની સુવિધા પૂરી પાડવાની રહેશે.

ઉપરોક્ત હકીકતોથી વિદિત થતાં આવેલ કામે કમીટીમાં ચર્ચા વિચારણા કરતાં નકકી થયું કે, ઉપરોક્ત કામે પ્રાથમિક જરૂરીયાતોને લગતી જવાબદારી હાઉસીંગ બોર્ડની ગણાશે. તથા પીવાના પાણીની ફેસીલીટી, ડ્રેનેજ

..૯..

ફેસીલીટી વિગેરે આપવા અંગે, ડ્રેનેજ, વોટરવર્કસ લાઈન, નવી જમીન સંપાદન કરવી વિગેરેનો તમામ ખર્ચ હાઉસીંગ બોર્ડ ભોગવે અને સદર કામે સરકારશ્રીની મંજુરી મેળવવા અંગેની ધોરણસરની દરખાસ્ત ના. સરકારશ્રીમાં સાદર કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

– સ. મ. મંજુર..

<u>કામ નં.–૨૩.</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાના નીચે જણાવેલ વિસ્તારોમાં ગેન્ટ્રી ઉભી કરવા અંગેની આગળની કાર્યવાહી નામ. હાઈકોર્ટનાં ઓરલ ઓર્ડર મુજબ કામગીરી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

(૧) તીથલ રોડ જકાત નાકા પાસે.
(૨) ધરમપુર રોડ ચાર રસ્તા પાસે.
(૩) દશેરા ટેકરી માનસી પેટ્રોલ પંપ પાસે.
(૪) બંદર રોડ સતીમાતાના પાસે.

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે," પીટીશનર મે. મયંક એડવર્ડસ, રહે. અમદાવાદનાએ ના. ગુજરાત હાઈકોર્ટ– અમદાવાદ– ખાતે સ્પે. સી.એ.નં.–૧૪૩૧૮ / ૨૦૧૦ થી પીટીશન દાખલ કરેલ જેના તા.:૦૨–૦૫–૨૦૧૪ ના રોજ ઓરલ ઓર્ડર આવેલ છે. ઉપરોકત ઓરલ ઓર્ડરમાં પ્રતિવાદી વલસાડ નગરપાલિકાએ આઠ અઠવાડીયામાં કલ્યાણબાગ અને આવાંબાઈ હાઈસ્કુલ પર ગેન્ટ્રી બનાવી હોવાથી તે સિવાયના નીચે જણાવેલ વિસ્તારોમાં ગેન્ટ્રી ઉભી કરવા નિયમોનુસાર દૈનિક પત્રકમાં જાહેરાત આપી, આગળની કાર્યવાહી કરવાની થાય છે. જે અન્વયે જાહેરાતનો મુસદ્દો તૈયાર કરી, કા.સ. ની મંજુરતની અપેક્ષાએ જાહેરાત પ્રસિધ્ધી કરાવેલ જેને બહાલ રાખી, આગળની જરૂરી કાર્યવાહી કરવાનું તથા હાઈકોર્ટના ઓરલ ઓર્ડર બાબતે નગરપાલિકાના લીગલ એડવાઈઝર પાસે અભિપ્રાય મેળવવાનું ઠરાવવામાં આવે છે.

(૧) તીથલ રોડ જકાત નાકા પાસે.
(૨) ધરમપુર રોડ ચાર રસ્તા પાસે.
(૩) દશેરા ટેકરી માનસી પેટ્રોલ પંપ પાસે.
(૪) બંદર રોડ સતીમાતાના પાસે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૪.</u>

<u>વિષયઃ–</u> લાયબ્રેરીમાંથી પુસ્તકો ઘરે વાંચવા માટે લઈ જવા માટે સભ્ય તરીકે નોંધણી માટે રૂા.૫૦/– વસૂલ લેવામા આવે છે.જેમાં રૂા.૫૦/– નો વધારો કરી રૂા.૧૦૦/– કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, લાયબ્રેરીમાંથી પુસ્તકો ઘરે વાંચવા માટે લઈ જવા માટે સભ્ય તરીકે નોંધણી માટે કારોબારી ઠરાવ નંબર.: ૩૯ / તા.: ૧૨–૦૪–૨૦૦૧ થી અત્યાર સુધી રૂા.૫૦/– વસૂલ લેવામા આવે છે.જેમાં રૂા.૫૦/– નો વધારો કરી, રૂા. ૧૦૦/– કરવાની જરૂરીયાત છે. જે અંગે કમીટીમાં ચર્ચા વિચારણાના અંતે નકકી થયું કે, લાયબ્રેરીમાંથી પુસ્તકો ઘરે વાંચવા માટે લઈ જવા માટે સભ્ય તરીકે નોંધણી માટેની ફી રૂા.૧૦૦/– વસુલાત કરવાનું મંજુર કરવા જ.બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવેછે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૨૫.</u>

<u>વિષયઃ–</u> હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૧ / તા.:૫–૭–૧૪ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલીકા સંચાલીત મ્યુની. હોસ્પીટલના કામે કોમ્પ્યુટર નંગ–૨, પ્રિન્ટર નંગ–૨ તથા યુ.પી.એસ નંગ–૨,ખરીદ કરવા માટેનું અંદાજીત ખર્ચ રૂા.૯૦,૦૦૦/– પુરાનો મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૧ / તા.:૫–૭–૧૪ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલીકા સંચાલીત મ્યુની. હોસ્પીટલના ઓ.પી.ડી વિભાગમાં સારવાર લેવા માટે આવતાં પેશન્ટોના નવા કેસ પેપરો આપવાના કામે તથા મ્યુની. મેડીકલ સ્ટોરના કામે નવા કોમ્પ્યુટર નંગ–૨, પ્રિન્ટર નંગ–૨ તથા યુ.પી.એસ નંગ–૨,ખરીદ કરવાની જરૂર છે. જે ખરીદ કરવા માટેનું અંદાજીત ખર્ચ રૂા.૯૦,૦૦૦/– પુરાનો આવેલ છે. ઉપરોકત આવેલ કામે કમીટીમાં ચર્ચા વિચારણાનાં અંતે નકકી થયું કે, વ.ન.પા. સંચાલીત મ્યુની. હોસ્પીટલના કામે હાલે કોમ્પ્યુટર નંગ–૧, પ્રિન્ટર નંગ–૧ તથા યુ.પી.એસ.નંગ–૧ ખરીદી કરી, આપવાનું મંજુર કરવા જ.બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવેછે.

સ.મ.મંજુર.. ..૧૦..

કામ નં.–૨૬.

વિષયઃ– હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૨ / તા.:૫–૭–૧૪ ની ભલામણ મુજબ મ્યુની. હોસ્પીટલના સર્જીકલ વિભાગ માટે સ્ટાફ નર્સબેનની નિમણુંક કરવાની જરૂરીયાત હોય ૧૧ માસના કોન્ટ્રાકટ પર ઉચ્ચક માસીક પગારથી લેવા માટેનું કામ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૨ / તા.:૫–૭–૧૪ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલીકા સંચાલીત મ્યુની. હોસ્પીટલના મહેકમપત્રકે મે. નિયામક સાહેબ– નગરપાલીકાઓ તરફથી સ્ટાફ નર્સની જગ્યા કુલ–૮ મંજુર કરવામાં આવેલ છે. જે પૈકી હાલે સ્ટાફ નર્સ–૩ ફરજ બજાવે છે. જયારે બાકી રહેતી પાંચ જગ્યાઓ વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં ખાલી પડેલ છે. વધુમાં સ્ટાફ નર્સની સંખ્યા ઓછી હોવાના કારણે તેમની શીફટ ગોઠવવામાં ,રજાઓ મંજુર કરવામાં તથા વીકલી ઓફ આપવાના કામમાં ખુબ જ મુશ્કેલી પડે છે. જેથી આ હકીકતને ધ્યાનમાં લઈ ૧૧ માસના કોન્ટ્રાકટ પર ઉચ્ચક માસીક વેતનથી સ્ટાફ નર્સ–સંખ્યા–૨ની નિમણુંક કરવાની જરૂરીયાત છે.

ઉપરોકત કામ બાબતે કમીટીમાં ચર્ચા–વિચારણા કરવામાં આવતાં સ્ટાફ નર્સની સંખ્યા ઓછી હોવાના કારણે હોસ્પીટલમાં વહીવટ કરવામાં મુશ્કેલી પડતી હોય સ્ટાફ નર્સ સંખ્યા–૨ની નામદાર સરકારશ્રીના પરિપત્ર નં.એન.આર.એચ.એમ/ એસ.પી.એમ.યુ/ ઓપરેશન/ મહેનતાણુ /સુધારા આદેશ /૨૦૦૯–૧૦/ ૫૦૦ તા.:૨૯–૩–૨૦૧૦માં દર્શાવ્યા મુજબ માસીક ઉચ્ચક વેતન રૂા.૮૫૦૦/– થી ૧૧ માસના કોન્ટ્રાકટ પર લેવાનું તથા રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર પર જરૂરી કરારખત કરાવી લઈ, મંજુર કરવા જ.બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવેછે.

સ.મ.મંજુર..

કામ નં.–૨૭.

વિષયઃ– હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૩ / તા.:૫–૭–૧૪ ની ભલામણ મુજબ મ્યુની. હોસ્પીટલના સર્જીકલ વિભાગની પાછળ આવેલ દિવાલ તૂટી ગયેલ છે. જેનું મરામત કામ કરાવવાનું આવેલ કામ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૩ / તા.:૫–૭–૧૪ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલીકા સંચાલીત મ્યુની. હોસ્પીટલના સર્જીકલ વિભાગના પાછળના ભાગે કંમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવેલ છે. જે ગયા વર્ષે ભારે વરસાદના કારણે તૂટી પડેલ છે. સદર કંપાઉન્ડ વોલ તુટી જવાના કારણે પશુઓ હોસ્પીટલની ખુલ્લી જમીનમાં ભરાઈ જાય છે. આ પરીસ્થીતીને દુર કરવાના કામે કંમ્પાઉન્ડ વોલનું મરામત કામ નગરપાલિકાના બાંધકામ શાખા ધ્વારા કરાવી લેવાનું મંજુર કરવા જ.બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવેછે.

સ.મ.મંજુર..

કામ નં.–૨૮.

વિષયઃ– હોસ્પીટલ કમીટી ઠરાવ નં.– ૫ / તા.:૫–૭–૧૪ ની ભલામણ મુજબ મ્યુની. હોસ્પીટલમાં આવેલ પેથોલોજી વિભાગની ફલોરની ટાઈલ્સ કાઢી નાંખવામાં આવેલ છે. તે ફરીથી બેસાડવાનું કામ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૫ / તા.:૫–૭–૧૪ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલીકા સંચાલીત મ્યુની. હોસ્પીટલના પેથોલોજી વિભાગના ફલોર પર ટાઈલ્સ બેસાડવામાં આવેલ છે. સદર ટાઈલ્સ બેસી જવાના કારણે ખાડા પડી ગયા હોવાથી કાઢી લેવામાં આવેલ છે. તે ટાઈલ્સને ફરીથી બેસાડવાની જરૂરીયાત હોય, સદર આવેલ કામ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખા ધ્વારા કરાવી લેવાનું મંજુર કરવા જ.બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવેછે.

સ.મ.મંજુર..

કામ નં.–૨૯.

વિષયઃ– હોસ્પીટલ કમીટી ઠરાવ નં.– ૬ / તા.:૫–૭–૧૪ ની ભલામણ મુજબ મ્યુની. હોસ્પીટલના કામે નવી સ્ટીલની સીડી ખરીદ કરવાનું કામ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

..૧૧..



ઠરાવ.:–

હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૬ / તા.:૫–૭–૧૪ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલીકા સંચાલીત મ્યુની. હોસ્પીટલની બીલ્ડીંગની સીલીંગ આશરે ૧૨'ફુટ જેટલી ઉંચાઈ ધરાવે છે. જેના કારણે કોઈપણ કામ સીલીંગ પર કરવું હોય તો તે કરી શકાતું નથી વધુમાં હોસ્પીટલની દિવાલ પર કરવામાં આવેલું વાયરીંગ કામ પણ ખુબજ ઉંચાઈ પર કરવામાં આવેલ છે. જેથી રીપેરીંગ કામ કરતી વખતે ખુબજ તકલીફ પડે છે. આ પરીસ્થીતી દુર કરવા માટે નવી સ્ટીલની સીડી નંગ–૧ ખરીદ કરવાની જરૂરીયાત છે. ઉપરોક્ત કામની કમીટીમાં ચર્ચા–વિચારણાના અંતે મ્યુની. હોસ્પીટલના કામે નવી સ્ટીલની સીડી નંગ–૧ ખરીદ કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરી ખરીદ કરવાનું આવેલ કામ મંજુર કરવા જ.બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩૦.</u>

<u>વિષયઃ–</u> હોસ્પીટલ કમીટી ઠરાવ નં.– ૭ / તા.:૫–૭–૧૪ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલીકા સંચાલીત મ્યુની. હોસ્પીટલને અદ્યતન બનાવવા માટે મળનારી દાનની રકમ એક લાખ પાઉન્ડનો વહીવટ કરવા માટે ટ્રસ્ટ બનાવવાનું આવેલ કામ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

હોસ્પીટલ કમીટી ઠરાવ નં.–૭ / તા.:૫–૭–૧૪ ની ભલામણ મુજબ વલસાડ નગરપાલીકા સંચાલીત મ્યુની. હોસ્પીટલને અદ્યતન બનાવવા માટે ર્ડા. સી.બી.શાહ–લંડન તરફથી એક લાખ પાઉન્ડનું દાન વીલ ધ્વારા જાહેર થયેલ છે. આ દાખમાં મળનારી રકમનો વહીવટ કરવા માટે ર્ડા.સી.બી.શાહ–વલસાડ મ્યુની. મેડીકલ ટ્રસ્ટ નામવાળુ ટ્રસ્ટી બોર્ડ બનાવવા માટેનો મૌખીક હુકમ મે.પ્રમુખ સાહેબે કરેલ છે. વધુમાં સદર ટ્રસ્ટી બોર્ડમાં ૫૦% નગરપાલીકાના તથા ૫૦% દાનવીરના સગાસંબંધીઓનો સમાવેશ કરવાનો છે. તે મુજબ વલસાડ નગરપાલીકા તરફથી ટ્રસ્ટી તરીકે ચીફ ઓફીસરશ્રી, ચેરમેનશ્રી, હોસ્પીટલ કમીટી તથા પ્રમુખશ્રી,વલસાડ નગરપાલીકાના નામનો ઉલ્લેખ કરવાનો છે. જયારે બાકી રહેતા ટ્રસ્ટીઓના દાનવીરના સગાસંબંધીઓના નામો મેળવી, ટ્રસ્ટી બોર્ડ બનાવવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩૧.</u>

<u>વિષયઃ–</u> **IHSDP** યોજનાના આવાસ માટે શ્રીનીધિ યોજનામાંથી ફાળો આપવા બાબતનું આવેલ કામ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

<u>ઠરાવ.:–</u>

નામદાર સરકારશ્રીની **IHSDP** યોજનાના આવાસો બનાવવાની કામગીરી હાલમાં વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં પ્રગતીમીાં છે. આ **IHSDP** યોજના સને ૨૦૦૭–૦૮ માં જયારે મંજુર કરવામાં આવેલ તે સમયે આ **IHSDP**યોજનાના એક આવાસની કિંમત રૂા.૧,૧૦,૦૦૦/– હતી. આ **IHSDP** યોજના માટે વલસાડ નગરપાલિકા તથા ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન ધ્વારા ટેન્ડર માટે કુલ છ પ્રયત્નો કરવામાં આવ્યા. હાલમાં આ **IHSDP** યોજનાના કામો માટેના ટેન્ડર મંગાવવામાં આવ્યા ત્યારે આ કામના ટેન્ડર ૧૯૫.૦૦% થી ૨૦૦% જેટલાં ઉંચા આવેલ. જેથી આ યોજનાના આવાસની કિંમત આશરે રૂા. ૩,૦૦,૦૦૦/– થી રૂા.૩,૩૦,૦૦૦/– થવાની સંભાવના રહે છે. આ યોજના વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ઈન–સીટુ પ્રકારની છે આ યોજના પૈકી ૭૭ આવાસોનુ લોકાર્પણ તા.:૦૭/૦૬/૨૦૧૪ ના રોજ કરી દેવામાં આવેલ છે. આ યોજનાના લાભાર્થીઓની આર્થિક હાલત સારી ન હોવાથી તથા વલસાડ નગરપાલિકાની પણ આર્થિક હાલત સારી ન હોવાથી આ યોજનાના આવાસ માટેનો વધારાનો ખર્ચ લાભાર્થીઓ કે વલસાડ નગરપાલિકા ભોગવી શકે એમ ન હોવાથી આ અંગેનો વધારાનો ખર્ચ રૂા. ૧,૫૦,૦૦૦/– પ્રતિ આવાસ દીઠ જે રીતે આવાસની ફાળવણી કરવામાં આવે તે પ્રમાણે વલસાડ નગરપાલિકાને નામદાર સરકારશ્રીની શ્રીનીધિ યોજનામાંથી વગર વ્યાજની લોન તરીકે ફાળવણી કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાની સત્તા, મે.પ્રમુખશ્રી, ચેરમેનશ્રી, કારોબારી સમિતિ, ચીફ ઓફીસરશ્રી, વલસાડ નગરપાલિકાને આપવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩૨.</u>

<u>વિષયઃ–</u> વારીગૃહ શાખામાં મોટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા કાયમી કર્મચારીશ્રી રાજુભાઈ એચ. પટેલની તા.:૦૨–૦૭–૨૦૧૪ની આવેલ અરજીમાં જણાવ્યા પ્રમાણે તા.:૩૦–૦૯–૨૦૧૪ થી ફરજમાંથી,નાદુરસ્ત તબિયતને કારણે નોકરીમાંથી સ્વૈચ્છીક નિવૃત્તીની માંગણી કરેલ છે. જે મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

..૧૨..



<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વારીગૃહ શાખામાં કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતા શ્રી રાજુભાઈ એચ. પટેલ જેઓને તા.:૩૧/૦૭/૧૯૯૦ ના રોજ નગરપાલિકાની સમગ્ર સભામાં ઠરાવ્યા મુજબ ઈલેકટ્રીક મોટર ઓપરેટર તરીકે તા.:૨૧/૦૮/૧૯૯૦ થી કાયમી કર્મચારી તરીકે નીમણુંક કરવામાં આવેલ તે મુજબ તેઓ આજ સુધી ફરજ બજાવતા આવેલ છે.સદર કર્મચારીની તા.:૦૨/૦૭/૨૦૧૪ ના રોજની આવેલ અરજીમાં જણાવ્યા મુજબ તેમને વર્ષ ૨૦૧૧ માં હાર્ટ એટેક આવેલ હોવાથી હાલે પણ તબીયત સારી ન રહેતા તેમજ નોકરી દરમ્યાન વાલ્વ ખોલવા તથા બંધ કરવા અંગેની સખત કામગીરી કરવાની રહેતી હોવાથી સદર કામગીરી કરવામાં ખુબજ તકલીફ પડતી હોય સદર બીમારી અંગે તેમના ડોકટરશ્રીનો રીપોર્ટ આપેલ છે. જેથી સદર કર્મચારીએ તેમની નોકરીમાંથી તા.: ૩૦/૦૯/૨૦૧૪ ના રોજથી સ્વૈચ્છીક નિવૃત્તી મેળવવાની માંગણી કરેલ છે. તેઓની જન્મ તારીખ.:૦૧/૧૧/૧૯૫૯ છે. જેથી નિયમ મુજબ વય મર્યાદાને કારણે તા.:૩૦/૧૧/૨૦૧૭ ના રોજ નિવૃત્ત થાય છે. પરંતુ નાદુરસ્ત તબિયતને લઈને તેઓએ તા.:૩૦/૦૯/૨૦૧૪ ના રોજથી સ્વૈચ્છીક નિવૃત્તી મેળવવાની માંગણી કરેલ છે.

ઉપરોકત આવેલ કામે, કમીટીમાં ચર્ચા–વિચારણાને અંતે ઠરાવ્યું થયું કે, અરજદાર કર્મચારી શ્રી રાજુભાઈ એચ. પટેલની તા.: ૦૨/ ૦૭ /૨૦૧૪ ની અરજી અને તા.: ૦૧ / ૦૭ / ૨૦૧૪ના ડોકટરશ્રીનો રીપોર્ટ પણ આપેલ હોય,જે ધ્યાને લઈ, અરજદાર કર્મચારીની સ્વૈચ્છીક નિવૃતી મંજુર કરવાપાત્ર થતી હોય, અરજદાર કર્મચારીની અરજી મુજબ, તા.:૩૦–૦૯–૨૦૧૪ ના રોજની ફરજ બાદ, તેમની નાદુરસ્ત તબિયતના કારણોસર તેમની ફરજમાંથી સ્વૈચ્છીક નિવૃતી મંજુર કરવા તથા તેઓની સ્વૈચ્છીક નિવૃતી બાદ, તેમની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુઈટી, રૂપાંતરીત પેન્શન, હકકરજાનો પગાર, વિગેરેની ચુકવવાપાત્ર થતી રકમની ગણતરી કરી ચુકવવાનું મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

–સ.મ.મંજુર..

<u>કામ નં.–૩૩.</u>

<u>વિષયઃ–</u> વારીગૃહ શાખામાં ૧૨ માં નાણાંપંચની યોજના હેઠળ પીવાના પાણીની પાઈપલાઈન અબ્રામા ઝોન વિસ્તારમાં ડ્રીસ્ટીબ્યુશન પાઈપલાઈન નાંખવામાં આવેલ છે. જેને મેઈન લાઈન સાથે જોડવા તથા વાલ્વો વિગેરે અન્ય જોઈન્ટો કરવા માટે શીશુ ( નરમ પાટમાં) જરૂરીયાત હોવાથી ૧૦૦ કે.જી.વર્ષ ૨૦૧૩–૨૦૧૪ ના મંજુર થયેલ ભાવે વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર્સ વલસાડમાંથી ખરીદ કરેલ, જે ખરીદી અંગેનો ખર્ચ રૂા.૧૯૮૦૦/–મંજુર કરવા અંગેજરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વારીગૃહ શાખામાં ૧૨ માં નાણાપંચની યોજના હેઠળ, પીવાના પાણીની પાઈપલાઈન, અબ્રામા ઝોન વિસ્તારમાં ડ્રીસ્ટીબ્યુશન પાઈપલાઈન નાંખવામાં આવેલ છે. જેને મેઈન લાઈન સાથે જોડવા તથા વાલ્વો વિગેરે અન્ય જોઈન્ટો કરવા માટે શીશુ ( નરમ પાટમાં) જરૂરીયાત હોવાથી ૧૦૦ કે.જી. વર્ષ ૨૦૧૩–૧૪ ના મંજુર થયેલ ભાવે વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર્સ–વલસાડમાંથી ખરીદ કરેલ છે. ઉપરોકત કામગીરીનો સદર ખર્ચ ૧૨માં નાણાંપંચની યોજના હેઠળનો હોય જેથી થયેલ ખરીદી અંગેનો ખર્ચ રૂા. ૧૯૮૦૦/– મંજુર કરવાનું તથા જે ખરીદીનું વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર્સ – વલસાડનું આવેલ બીલ રૂા.૧૯૮૦૦/–પુરાનું ચુકવણું કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩૪.</u>

<u>વિષયઃ–</u>વ.ન.પા.ના આરોગ્ય શાખામાં ફરજ બજાવતા કર્મચારી શ્રી રાજુભાઈ નગીનભાઈ વાલોદરાના વારસદારને કા.સ.ઠ.નં.૩૩૨ / તા.:૧૮–૧૦–૨૦૧૩ થી વકીલશ્રીના અભિપ્રાય મેળવી પેન્શન ચુકવવા અંગેના થયેલ ઠરાવમાં પુનઃવિચારણા કરવા બાબતે એકાઉન્ટન્ટ,વ.ન.પા.નો આવેલ રીપોર્ટ અન્વયેનું આવેલ કામ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા,વલસાડના આરોગ્ય શાખામાં ફરજ બજાવતાં કર્મચારીશ્રી રાજુભાઈ નગીનભાઈ વાલોદરા, કાયમી કર્મચારી હતાં. તેઓનું તા.:૦૫–૧૦–૧૯૮૭ ના રોજ મરણ થયેલ હતું. પ્રથમ દેસાઈ પગાર ધોરણ મુજબ પાંચ વર્ષના નોકરી ગાળો પૂર્ણ થાય તોજ પેન્શન ચુકવવાપાત્ર થતું હતું પરંતુ ત્યારબાદ ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃ વીટી / ૧૧૮૭ / જીઓ આઈ / ૪૧ /૩/ પી–૧ /તા.:૩૧/૦૭/૧૯૮૭ થી ઠરાવ્યા મુજબ જે કર્મચારી તેઓના નોકરીના સમયગાળામાં પાંચ વર્ષ કરતાં ઓછી સર્વિસ ધરાવતાં હોઈ તેઓના વારસદારને પણ પેન્શન ચુકવવા પાત્ર બને છે. જેથી ના. સરકારશ્રીના પરીપત્ર મુજબ મરણ

..૧૩..

પામેલ કર્મચારીના વારસદારને મરણની તારીખથી પેન્શન ચુકવવાપાત્ર બને છે. અને આ અંગે કોઈપણ વકીલશ્રીના અભિપ્રાય લેવાનું ઉચીત જણાતું નથી જેથી કા. ક. ઠ.નં.૩૩૨ / તા.:૧૮/૧૦/૧૩ માં ઠરાવ્યા મુજબ આ કામ મંજુર કરવાપાત્ર હોઈ ફેરવિચારણા અંગે એકાઉન્ટન્ટશ્રી,વ.ન.પા.ના આવેલ રીપોર્ટવાળું કામ અંગે કમીટીમાં ચર્ચા–વિચારણાંને અંતે નીચે મુજબના મુદ્દાઓની પૂર્તતા કરી, આગામી કમીટીમાં રજુ કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) અરજદારના વારસદારો પાસે ડેકલેરેશન લખાવી લેવું.

૨) એકાઉન્ટન્ટશ્રીનો ગણત્રી બાબતે રીપોર્ટ મેળવવો.

૩)એલ.એફ.નો અભિપ્રાય મેળવવો.

૪) ઓડીટ પ્રશ્ન ઉપસ્થિત થાય અને રીકવરી આવે તો વારસદારોએ ભરપાઈ કરવાની રહેશે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩૫.</u>

<u>વિષય.:</u> સીધાવેરા શાખામાં રાખવામાં આવેલ ઈન્વર્ટરની બેટરી ખરીદ કરવાના આવેલ ભાવો મંજુર કરવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, સીધાવેરા શાખામાં રાખવામાં આવેલ ઈન્વર્ટરની બેટરી જુની થઈ જવાથી બેટરી બદલવાની જરૂરીયાત હોય,નવી બેટરી ખરીદ કરવાની તાતી જરૂરીયાત હોય જેથી બેટરી ખરીદ કરવા માટે સ્થાનીક બજારમાંથી ભાવો મંગાવતા, ત્રણ વેપારીનાં ભાવો આવેલ છે.જે તા.:૨૭–૫–૨૦૧૪ નાં રોજ ચીફ ઓફીસરશ્રી રૂબરૂ ખુલ્લા કરવામાં આવેલ છે. જેનું તુલનાત્મકપત્રક નીચે મુજબ છે.

| અ.નં. | વિગત. | શ્રી ગુડવીલ ઓટો સ્ટોર્સ, વલસાડ. | ઉમેશ બેટરી સેન્ટર, વલસાડ. | લાખાણી ઓટો સેન્ટર, વલસાડ. |
|---|---|---|---|---|
| ૧. | એકસાઈડ ઈન્વર્ટર બેટરી નંગ–૨.<br>જુનીના બાદ નંગ–૨. | ૨૬૮૦૦–૦૦<br><u>–૧૮૦૦–૦૦</u><br>૨૫૦૦૦–૦૦ | ૨૫૨૦૦–૦૦<br><u>–૨૪૦૦–૦૦</u><br>૨૨૮૦૦–૦૦ | ૨૭૦૦૦–૦૦<br><u>–૧૭૦૦–૦૦</u><br>૨૫૩૦૦–૦૦ |

ઉપરોકત આવેલ ત્રણ વેપારીના ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે શ્રી ઉમેશ બેટરી સેન્ટર, વલસાડનો ભાવ સૌથી ઓછો આવેલ હોય જે વિદીત થતાં, એકસાઈડ ઈન્વર્ટર બેટરી નંગ–૨ નાં રૂા.૨૨,૮૦૦–અંકે રૂા.બાવીસ હજાર આઠસો પુરાનો ભાવ આવેલ હોય, જે મંજુર કરી,મંજુર થયેલ ભાવે શ્રી ઉમેશ બેટરી સેન્ટર,વલસાડ પાસેથી, બેટરી ખરીદી કરી, ખરીદી કર્યા બાદ આવનાર બીલનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩૬.</u>

<u>વિષય.:</u> સીધાવેરા શાખામાં કોમ્પ્યુટર નંગ–૨ ( એલસીડી મોનીટર સહીત)તેમજ એચ.પી.૧૦૨૦ પ્રીન્ટર નંગ–૨ ખરીદી કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઈ.ચા. સીધાવેરા સુપ્રીશ્રી તથા ચીફઓફીસરની રીમાર્કસ અન્વયેનો રીપોર્ટ વંચાણે લઈ, સીધાવેરા શાખામાં હાલે તમામ સેટ જુના તેમજ ખર્ચાળ પુરવાર થતાં હોય અને હાલમાં આઈસોલેટ વિસ્તાર પણ સમાવિષ્ટ થયેલ તેમજ દર વર્ષે મિલ્કતોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો હોય તેથી નવા કોમ્પ્યુટરો ખરીદી કરવાનું અત્યંત અને જરૂરી હોય અને હાલમાં જુન માસમાં કરવેરા રીબેટ (વળતર ) સ્કીમ અમલમાં હોય નવા કોમ્પ્યુટરો નંગ–૨ ( એલસીડી મોનીટર સહીત ) અને પ્રિન્ટર નંગ–૨ ખરીદ કરવા માટે કા.ક.ઠ.નં. ૨૭૧ / તા.: ૧૯–૦૭–૧૩ અને જનરલ બોર્ડ ઠરાવ નં.૧૯૨ / તા.: ૩૦–૦૭–૧૩ થી મંજુર થયા મુજબ હાલનાં જુના અને ખર્ચાળ કોમ્પ્યુટરને ડીસ્પોજલ કરી ( એલસીડી મોનીટર સહીત ) અદ્યટન ટેકનોલોજીવાળા કોમ્પ્યુટર નંગ–૨ (એલસીડી મોનીટર સહીત ) અને પ્રિન્ટર નંગ–૨ ખરીદી કરવાની સત્વરે જરૂરીયાત હોય, સદર કામે સ્થાનીક બજારમાંથી ભાવો મંગાવતા, ત્રણ વેપારીનાં ભાવો આવેલ છે.જે ચીફ ઓફીસરશ્રી રૂબરૂ ખુલ્લા કરવામાં આવેલ છે.
જેનું તુલનાત્મકપત્રક નીચે મુજબ છે.

| અ.નં. | વિગત. | રીયલ કોમ્પ્યુટર, વલસાડ. | આઈકોન ટેકનોલોજીસ વલસાડ. | ક્રિએટીવ કોમ્પ્યુટર્સ વલસાડ. |
|---|---|---|---|---|
| ૧. | ડેલ ડેસ્કટોપ **PC 4GB Ram\| 500GB HDD \| 18.5 LED..**<br><br>**HP- 1020 PRINTER..** | ૩૮૨૦૦–૦૦<br><br>૭૪૨૦–૦૦<br>૪૫૬૨૦–૦૦ | ૩૬૫૦૦–૦૦<br><br>૬૯૫૦–૦૦<br>૪૩૪૫૦–૦૦ | ૩૭૯૦૦–૦૦<br><br>૭૨૫૦–૦૦<br>૪૫૧૫૦–૦૦ |

ઉપરોકત આવેલ ત્રણ વેપારીના ભાવોનું તુલનાત્મક પત્રક જોતાં, એકંદરે આઈકોન ટેકનોલોજીસ વલસાડનાં ભાવો ડેલ ડેસ્કટોપ **PC** નંગ–૧ અને **HP- 1020 PRINTER** નંગ–૧ ના ભાવો રૂા. ૪૩૪૫૦/– પુરાનો આવેલ છે. જે આવેલ ભાવો પૈકી સૌથી ઓછા આવેલ છે. જેથી ઓછા આવેલ ભાવો મંજુર કરી, સીધાવેરા શાખામાં હાલે ટેક્ષની રીકવરી ચાલતી હોય, કામની અગત્યતાને લઈને, કોમ્પ્યુટર નંગ–ર તેમજ પ્રીન્ટર નંગ–ર , આઈકોન ટેકનોલોજીસ, વલસાડ પાસેથી,મંજુર થયેલ ભાવે ખરીદી અંગેની જરૂરી કાર્યવાહી કરી, સમગ્ર સભાની મંજુરતની અપેક્ષાએ ખરીદી કરી, તે અંગેનું આવનાર બીલનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩૭.</u>

<u>વિષયઃ–</u> ડ્રેનેજ કમીટી ઠરાવ નં.– ૧ /તા.:૦૪/ ૦૭ /ર૦૧૪ ની ભલામણ મુજબ ટ્રેડ સેન્ટર મહાત્મા ગાંધી લાયબ્રેરી વિસ્તારમાં નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.૪૧,૬૦૦/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રેનેજ કમીટી ઠરાવ નં.– ૧ /તા.:૦૪/ ૦૭ /ર૦૧૪ ની ભલામણ મુજબ,વલસાડ શહેરમાં આવેલ ટ્રેડ સેન્ટર મહાત્મા ગાંધી લાયબ્રેરી વિસ્તારમાં ડ્રેનેજ પાઈપલાઈન નાંખવામાં આવેલ નથી. સદર વિસ્તારમાં વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે, જેના કારણે લોકોની વારંવારં ફરીયાદ આવે છે. ઉપરોકત પરીસ્થીતી દુર કરવા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.૪૧,૬૦૦/– અંકે રૂા.એકતાલીસ હજાર, છસો પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં, કમીટીમાં ચર્ચા–વિચારણાનાં અંતે નકકી કરવામાં આવ્યું કે, હવે પછી દરેક ડીપાર્ટમેન્ટમાંથી આવતાં, ડ્રેનેજના, રસ્તાના, વોટર વર્કસના વિગેરે કામોના એસ્ટીમેઈટ, વાર્ષિક ભાવ તેમજ એસ.ઓ.આર.ના ભાવ, બેમાંથી જે ભાવ ઓછા હોય તે ભાવે એસ્ટીમેઈટ બનાવડાવી ,એસ્ટીમેઈટ સહીત તમામ ખર્ચ મંજુર કરાવડાવી, કામગીરી કરાવવાનું પણ ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

<u>કામ નં.–૩૮.</u>

<u>વિષયઃ–</u> ડ્રેનેજ કમીટી ઠરાવ નં.– ર /તા.:૦૪/ ૦૭ /ર૦૧૪ ની ભલામણ મુજબ છીપવાડ માસ્તર રોડ હનુમાનજી મંદિર પાસેનાં વિસ્તારમાં નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.૬૮,૬૦૦/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

ડ્રેનેજ કમીટી ઠરાવ નં.– ર /તા.:૦૪/ ૦૭ /ર૦૧૪ ની ભલામણ મુજબ,વલસાડ શહેરમાં આવેલ છીપવાડ માસ્તર રોડ હનુમાનજી મંદિર સામેના વિસ્તારમાં ડ્રેનેજ પાઈપલાઈન નાંખવામાં આવેલ છે.ભારી વાહનોની અવરજવરના કારણે હયાત લાઈન બેસી જવાથી, સદર વિસ્તારમાં વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી જાહેરમાં ગંદકી થાય છે, જેના કારણે લોકોની વારંવારં ફરીયાદ આવે છે. ઉપરોકત પરીસ્થીતી દુર કરવા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.૬૮,૬૦૦/– અંકે રૂા.અડસઠ હજાર, છસો પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.. 

કામ નં.–૩૯.

વિષયઃ– ડ્રેનેજ કમીટી ઠરાવ નં.– ૩ /તા.:૦૪/ ૦૭ /૨૦૧૪ ની ભલામણ મુજબ મ્યુનીસીપલ કોલોની થી લોટસ હોસ્પીટલ સુધીના વિસ્તારમાં નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.૨,૫૨,૪૦૦/– મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:–

